**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. II-૨૭-૨૦૧૫-૧૬**

<u>ફરીયાદીઃ-</u>
ડીફ એન્ડ ડમ્બ સ્કુલ,
મુનલાઇટ સીનેમા કમ્પાઉન્ડ,
દાહોદ રોડ, ગોધરા.

**રજુઆત કરનારઃ-** નરસિંહભાઇ નાથાભાઇ ચૌહાણ તે ફરીયાદી - ટ્રસ્ટ્રીશ્રી નાથાભાઇ ગલાભાઇના પુત્ર.

<u>સામાવાળાઃ-</u>
નાયબ ઇજનેર,
ગોધરા (ઇસ્ટ),
એમજીવીસીએલ, ગોધરા.

**રજુઆત કરનારઃ-** શ્રી ડી.આર. ચૌધરી (જુનીયર એન્જીનીયર) તથા શ્રી આર.આર. શાહ (ડીવાયએસએ)
એમજીવીસીએલ, ગોધરા ઇસ્ટ, ગોધરા.

ફરીયાદીની તા.૨૨.૦૭.૨૦૧૫ ના રોજની મીટર નં.૧૭૬૬૫૫ ના વીજ બીલ અંગેની ફરીયાદ.

ફરીયાદીની તા.૨૨.૦૭.૨૦૧૫ ના રોજની વીજ બીલ અંગેની ફરીયાદ તા.૩૧.૦૭.૨૦૧૫ ના રોજ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી તરફે ડીફ એન્ડ ડમ્બ સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટ્રી ફરીયાદી શ્રી નાથાભાઇ ગલાભાઇના પુત્ર નરસિંહભાઇ નાથાભાઇ ચૌહાણ તથા સામાવાળા તરફે શ્રી ડી.આર. ચૌધરી જુનીયર એન્જીનીયર ગોધરા (ઈસ્ટ) તથા શ્રી આર.આર. શાહ ડીવાયએસએ ગોધરા (ઇસ્ટ) એ હાજર રહી રજુઆત કરી.

ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧) ફરીયાદીની બહેરા-મુંગા વિધાલય ગોધરાને બામરોલી રોડ, વૃંદાવન-૨ ની પાછળ નવીન મકાન બાંધકામ થયેલ છે. જેના માટે ફરીયાદીએ હંગામી વીજ જોડાણની માંગણી કરેલ હતી.

(૨) ચાલુ મીટરનું બીલ દર બે માસે આવતું હોય છે અને બીલ ભરપાઇ ન થાય તો મીટર લઇ જવાનું હોય છે અને ચાલુ મીટરની સમયમર્યાદા છ માસની હોય છે. પરંતુ સામાવાળા તરફથી ફરીયાદીને એકપણ બીલ મળેલ નથી કે છ માસ પછી ફરીયાદીનું મીટર કાઢી ગયેલ નથી.

(૩) ફરીયાદીની સંસ્થાનું કામ બે વર્ષ સુધી બંધ હતું તેથી મીટર(વીજળી) નો ઉપયોગ પણ થયેલ ન હતો. સામાવાળા તરફથી ત્રણ વર્ષનું બીલ સાથે મળેલ છે. જે બીલની રકમ રૂા.૫૧,૨૬૫/- છે. સામાવાળા ધ્વારા વિકલાંગ બાળકોની સંસ્થા ઉપર મોટો બોજો નાંખવામાં આવેલ છે. તેથી યોગ્ય

નિર્ણય લઇ ફરીયાદીની સંસ્થાને મદદ કરવા તથા નિર્ણય ન આવે ત્યાં સુધી વીજળી ચાલુ રાખવા માંગણી કરેલ છે.

ફરીયાદીશ્રી ડીફ એન્ડ ડમ્બ સ્કુલ, ગોધરાના મેનેજીંગ ટ્રસ્ટ્રી શ્રી નરસિંહભાઇ નાથાભાઇ વતી તેઓના પુત્ર નાથાભાઇ ગલાભાઇ ચૌહાણ હાજર રહયા અને જણાવ્યુ કે, સામાવાળાઓ સાથે અમારા બીલ અંગે ચર્ચા કરતાં અમોને તેઓના સહકારથી અમારી સમસ્યાનું સમાધાન થયેલ છે. અમોને કોઇપણ જાતનો અસંતોષ રહેતો નથી. તેથી અમો ફરીયાદ પરત ખેંચીએ છે. અમો બીલ મુજબના નાણાં ભરપાઇ કરી દઇશું. ફરીયાદીએ લેખિતમાં પણ આ અંગે જણાવેલ છે.

સામાવાળા તરફે શ્રી ડી.આર. ચૌધરી (જુનીયર એન્જીનીયર) તથા શ્રી આર.આર. શાહ (ડીવાયએસએ) ફોરમ સમક્ષ હાજર રહયા અને જણાવ્યુ કે, ફરીયાદીને તા.૨૩.૦૨.૨૦૧૨ ના રોજ ૨ કિ.વોટનું કામચલાઉ વીજ જોડાણ આપવામાં આવેલ. રૂા.૫૦૦૦/- ડીપોઝીટ તરીકે લેવામાં આવેલ. ત્યારબાદ એકપણ બીલ બન્યુ ન હતું. ફરીયાદીનું મીટર ઉપાડયુ ત્યારે જ રીડીંગ મુજબ રૂા.૫૧,૨૬૫.૦૦/- નું બીલ આપવામાં આવેલ. ફરીયાદીનું કનેકશન તા.૧૨.૦૩.૨૦૧૫ ના રોજ ડીસકનેકટ કરવામાં આવ્યું. ફરીયાદીનું કનેકશન ઘણાં દુરના અંતરીયાળ સ્થળે હોઇ ત્યાં બીલ આપવા જઇ શકાયેલ નથી. તેથી બીલ આપેલ નથી. તેથી તા.૧૫.૦૩.૨૦૧૫ ના રોજ બીલ આપવામાં આવેલ.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહયા. બન્ને પક્ષકારોને સાંભળ્યા. ફરીયાદી તરફે કરવામાં આવેલ રજુઆત મુજબ ફરીયાદી બીલના તમામ નાણાં ભરવા તૈયાર છે તથા તેઓને સામાવાળાથી કોઇ અસંતોષ નથી. તેથી ફરીયાદ પરત ખેંચેલ છે. વધુમાં સામાવાળા જે બીલ આપેલ છે તે ફરીયાદીએ તા.૨૩.૦૨.૨૦૧૨ થી જેટલો વપરાશ કર્યો તેનું જ છે, કોઇ ખોટું બીલ આપવામાં આવેલ નથી. આમ, સામાવાળાએ આપેલ બીલ યોગ્ય અને વ્યાજબી છે તેમજ ફરીયાદીએ ફરીયાદ પરત ખેંચેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

## હુકમ:-

ફરીયાદીશ્રી નરસિંહભાઇ નાથાભાઇ ચૌહાણને હુકમ કરવામાં આવે છે કે, સામાવાળા મધ્ય ગુજરાત વીજ કંપની એ તા.૧૫.૦૩.૨૦૧૫ ના રોજ આપેલ રૂા.૫૧,૨૬૫.૦૦/- નું બીલ યોગ્ય અને બરાબર છે. હંગામી વીજ જોડાણના બીલ સમયસર ફાળવવા.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.